મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : 8 | વર્ષ - 5 | માર્ચ - 2026 (સળંગ અંક : 56)

Amul
The Taste of India



40
મહિનાઓથી
સતત
આપણા પશુપાલકોને
મળી રહ્યો છે
એક જ ભાવ થી
પ્રામાણિક
અને
ગુણવત્તાયુક્ત

# પશુ આહાર

મેનેજમેન્ટનું ઝીણવટપૂર્વકનું સચોટ આયોજન

સિઝન પ્રમાણે રો-મટેરીયલ્સની ખરીદી

ઉત્પાદન અને વિતરણની કૂનેહપૂર્વકની ગોઠવણી



## તા.૧ નવેમ્બર ૨૦૨૨ થી આપણે આપણા પશુપાલકોને એક જ ભાવે પશુદાણ આપવામાં સક્ષમ રહ્યા છીએ : આ છે તેના મજબૂત કારણો

**નિયત** સાફ હોય તો સફળતા અપાવવા માટે નિયતી તૈયાર બેઠી હોય છે ! આ વાતનો સ્પષ્ટ પૂરાવો એટલે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા ઘડવામાં આવેલી રણનિતીના પરિણામે બજારના કાચા માલના ભાવોમાં ચડ-ઉતર અને મોંઘવારીના કપરા સમયમાં પણ દૂધસાગર ડેરીના પશુપાલકોને છેલ્લા ચાલીસ મહિનાઓથી એક જ કિંમતે ખાણદાણ ઉપલબ્ધ થઈ રહ્યું છે તે વ્યવસ્થા તેની સાબિતી સ્પષ્ટ કરી રહી છે.

પશુદાણ બનાવવા માટે વિવિધ ઘટકો જેવા કે, DORB, મકાઇ-જુવાર જેવા અનાજની સાથે ગવાર ભરડો, રાયડા ખોળ, મગફળી ખોળ, કપાસ ખોળ, રાઇસ પોલીસ તેમજ મોલાસીસ (ગોળની રસી) અને જરુરી મિનરલ્સ અને વિવિધ વિટામીનોનો ઉપયોગ થતો હોય છે. પશુદાણના ઉત્પાદનમાં DORB (ચોખાની ભૂસી) નો 40% ઉપયોગ થતો હોય છે. આ બધા ઘટકો વિવિધ ખેતી પાકોની બાય પ્રોડક્ટ હોય છે. અને, તેનું આગમન ઋતુઓ પ્રમાણે અલગ અલગ મહિનાઓમાં થવાને પરિણામે જો યોગ્ય સમયે - યોગ્ય કિંમતે - યોગ્ય માલ ખરીદીને તેને સાચવીને રાખવામાં આવે તો મોંઘવારીના સમયમાં પણ બજાર ભાવોનું સાતત્ય જાળવી રાખવામાં ભારે મદદ મળતી હોય છે. તેવી સ્પષ્ટ વેપારી બુદ્ધિ ધરાવતા સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ભૂતકાળના નિયામક મંડળ અને વર્તમાન નિયામક મંડળે એક ચોક્કસ રણનિતી હેઠળ છેલ્લા પાંચ વર્ષથી કામ કર્યું છે જેના પરિણામે આજે વિતેલા સવા ત્રણ વર્ષથી દૂધસાગર ડેરીના અઢી જિલ્લાના વિશાળ કાર્યક્ષેત્રના લાખો પશુપાલકોને સાગરદાણ સહિત વિવિધ પશુઆહાર એક જ કિંમતે પ્રાપ્ત થઈ રહ્યા છે અને મોંઘવારીના કપરા કાળમાં પણ આપણા પશુપાલકોને ભારે રાહત મળી રહી છે.

દૂધસાગર પત્રિકાના જાગૃત પશુપાલક વાંચકોની જાણકારી માટે અને વહિવટીય પારદર્શીતા માટે અહીં એ જણાવવું જરુરી છે કે ; જે DORB નો સૌથી મહત્તમ ઉપયોગ પશુઆહારમાં થતો હોય છે. તેનો સરળ ઉપલબ્ધ સમય ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધીનો હોય છે અને આ સમય દરમ્યાન સૂચકતા વાપરીને જો, DORB નો સ્ટોક કરી લેવામાં આવે તો પ્રતિકિલોગ્રામ તે આ મહિનાઓ દરમ્યાન 12 થી 13 રુપિયામાં મળી રહે છે. જ્યારે આજ DORB માર્ચથી લઈ નવેમ્બર માસ દરમ્યાન 15 થી 17 રુપિયાના એવરેજ ભાવે મળતો હોય છે. દૂધસાગર ડેરીના મેનેજમેન્ટની કૂશળતા અને સમય સૂચકતાના પરિણામે આપણી સાગરદાણ ફેક્ટરીઓ ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધીમાં DORB ની મહત્તમ ખરીદી કરી લેતી હોવાના પરિણામે મહેસાણા દૂધ સંઘને પ્રતિકિલો DORB ની ખરીદી 4 થી 5 રુપિયા સસ્તી પડતી હોવાથી પશુ દાણના ભાવ નિયંત્રણમાં આપણને ભારે મદદ મળી રહે છે.

આજ રીતે, મકાઇ કે જે - દાણ અને મકાઇ ભરડામાં સૌથી વધુ વપરાય છે તેનો ભાવ ઓક્ટોબર થી ડિસેમ્બર દરમ્યાન પ્રતિકિલો 20 થી 22 રુપિયા રહેતો હોય છે. જે વર્ષના અન્ય સમયગાળા દરમ્યાન 24 થી 26 રુપિયા થઈ જવા પામે છે. મેનેજમેન્ટની દૂરંદેશી ખરીદ પદ્ધતિના પરિણામે આપણે યોગ્ય સમયે - વધુ માત્રામાં મકાઇની ખરીદી કરી લેવાનો અભિગમ અપનાવી લીધો હોવાથી તેમાં આપણને 4 થી 5 રુપિયાનો પ્રતિકિલોએ ફાયદો કરાવે છે. તેના શુભ પરિણામ આખરે તો દૂધસાગરના પશુપાલકોને થવા પામે છે.

મોલાસીસ (ગોળની રસી) ની ખરીદીનો ઉત્તમ સમય ઓક્ટોબર થી જાન્યુઆરી સુધીનો હોય છે. આ સમય દરમ્યાન મોલાસીસની ખરીદી આપણને 12 થી 13 રુપિયામાં સરળતાથી પ્રાપ્ત થાય છે. જે વર્ષના અન્ય સમયમાં સરેરાશ 15 થી 16 રુપિયા પ્રતિકિલોએ પહોંચી જાય છે. અશોકભાઇ ચૌધરીના નેતૃત્વ હેઠળના નિયામક મંડળની સાહસવૃત્તિ અને સંસ્થાના એમ.ડી શ્રી ધિરજકુમારની કૂનેહના પરિણામે વિતેલા સાડા ત્રણ વર્ષથી મોલાસીસની ખરીદીમાં પણ સંસ્થાને અને સંસ્થાના પશુપાલકોને મોટો ફાયદો થવા પામ્યો છે.

કાચા માલની સમયસર અને પદ્ધતિસર કરવામાં આવેલી આ ખરીદી ને આપણી દાણ ફેક્ટરીઓ ઉપર આ માલને રાખવા માટે વિતેલા પાંચ વર્ષમાં સ્થાપિત કરવામાં આવેલા જંબો અને સુરક્ષિત ગોડાઉનો ઉભા કરવામાં આવ્યા છે તેનો આજની તારીખે આપણને ભરપૂર લાભ મળી રહ્યો છે.

મેનેજમેન્ટની બીજી દ્રષ્ટિ હતી : પશુઆહાર તૈયાર કરતાં પ્લાન્ટોમાં નવિન મશીનરી વસાવવી તથા હયાત મશીનરીમાં જરુરી ફેરફારો કરવા અને ઉપલબ્ધ સુવિધાઓ તથા સંસાધનો અને માણસોનો યથાયોગ્ય ઉપયોગ કરી વધુમાં વધુ ઉત્પાદન કરવું અને ઉત્પાદિત ખાણદાણમાં ઓછામાં ઓછું આર્થિક ભારણ આવે તેવા નૈતિક ઉપાયો કરવામાં આવે અને સાગરના મેનેજેન્ટે શરુ કર્યું એક મનોમંથન ➤➤

## મનોમંથન

મશીનરીના નવિનીકરણ અને રિનોવેશન ની પ્રક્રિયાના ભાગરુપે ઉબખલ અને જગુદણ ખાતે સંઘ દ્વારા નવીન ટેલિસ્કોપ તેમજ બેગિંગ મશીન કન્વેયર વસાવવામાં આવ્યા. અને પ્રોડક્શનને લગતા પ્લાન્ટ ખાતે અનુભવી લોકોની સલાહ સૂચન અનુસાર નવિન સુધારા કરવામાં આવ્યા.

જગુદણ ખાતે ફિનીશ ગોડાઉન ની સ્ટોરેજ કેપેસીટી અગાઉ 70 KG ની પ્રત્યેક બેગ પ્રમાણે 10,000 બેગ રાખી શકાય તેટલો અવકાશ હતો. નવા મેનેજમેન્ટે ત્યાં એક નવા ફિનીશ ગોડાઉનનું નિર્માણ કરતાં વર્તમાન કાળે અહીં 25,000 બેગ સ્ટોરેજ કરી શકાય તેવી વ્યવસ્થા ઉભી થવા પામી છે. ગોડાઉનમાં રહેલા તૈયાર માલને સીધે સીધોજ ટ્રક જેવા વાહનોમાં સ્ટોરેજ કરી શકાય તે માટે ટેલિસ્કોપીક કન્વેયર સ્થાપિત કરવામાં આવ્યું. જેથી વિતરણ વ્યવસ્થા ઝડપી અને ચોક્સાઇ પૂર્વક બની રહે. આની સાથે, જગુદણ ખાતે નવિન 4000 મેટ્રીક ટન રો મટેરીયલ સચવાઇ રહે તેવી ક્ષમતાનું ગોડાઉન તૈયાર કરવામાં આવતાં નીચા ભાવે ખરીદ કરવામાં આવેલા રો મટેરીયલ્સ પોતાની ઉત્તમ ગુણવત્તા સાથે સચવાય છે જેનો સમગ્ર વર્ષ દરમ્યાન સંસ્થા અને પશુપાલકોને લાભ મળી રહે છે.

ખાણદાણનો ઉત્પાદન ખર્ચ ઓછામાં ઓછો આવે તે માટે ઇલેક્ટ્રીક વીજ બીલ કેમ કરીને ઓછું કરી શકાય ? આ પ્રશ્નના સમાધાન અંગે પ્રયત્નો શરુ થયા. જેના પરિણામે જરુરી સુધારા કરી નક્કર પગલાં લેવાથી વર્ષ 2021-22 માં જગુદણ ખાતે એક મેટ્રીક ટન ઉત્પાદનમાં જે 23.04 યુનિટ વિજળીનો વપરાશ થતો હતો તે વર્ષ 2025-26 માં 18.29 લાવવામાં સફળતા મળતાં 20.61 % નો વિજ વપરાશ ઘટવા પામતાં અંદાજીત 47 લાખની વિજ બચત થવા પામી છે. તેમજ ઉબખલ ખાતે, વર્ષ 2020-21 માં પ્રતિ ટન ખાણદાણ ઉત્પાદનમાં 23.61 યુનિટ વિજળીનો વપરાશ થતો હતો જે વર્ષ 2025-26 માં 18.82 યુનિટ પ્રતિટન ખાણદાણના ઉત્પાદનમાં થઇ રહ્યો છે. આ પ્રમાણે, ઉબખલ ખાતે 20.28 % નો વિજવપરાશ ઘટતાં આ પ્લાન્ટમાં પણ રુપિયા 38 લાખની બચત થવા પામી છે. આમ, ઉબખલ અને જગુદણ બંને ફેક્ટરીઓએ મળીને માત્ર વિજ કરકસર થી કુલ વાર્ષિક 85લાખની બચત ઉભી કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

વર્ષ 2020-21 માં જગુદણ ખાતે કોન્ટ્રાક્ટરને જોબ વર્ક બિલમાં પ્રતિ એક મેટ્રીક ટન ઉત્પાદન માટે 418 રુપિયા ચૂકવવામાં આવતા હતા. અશોકભાઇ





**દૂધસાગર ડેરીના મેનેજમેન્ટ અને ઉબખલ તથા જગુદણ સાગરદાણ ફેક્ટરીઓના અધિકારીઓ અને કર્મચારીઓના કૂશળ ટીમવર્કથી વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન કરોડોની માતબર બચત થવા પામી છે.**

**સરકારશ્રીની મંજૂરી હોવા છતાં દૂધસાગર ડેરી સંચાલિત આ બંને ફેક્ટરીઓમાં છેલ્લા ત્રણ વર્ષથી યુરિયા અને SRN જેવા બિનપ્રોટીન નાઇટ્રોજન ઘટકોનો ઉપયોગ થતો નથી**

ચૌધરીના નેતૃત્વ હેઠળ નવા મેનેજમેન્ટે પોતાની કૂશળતા અને પારદર્શક ટેન્ડર પ્રક્રિયાના દમ પર આજે વર્ષ 2025-26 દરમ્યાન પ્રતિ મેટ્રીક ટન દાણ ઉત્પાદનના કોન્ટ્રાક્ટરને રુપિયા 216 ચૂકવાઇ રહ્યા છે. આ એક માત્ર ઓનલાઇન ટેન્ડર પદ્ધતિથી સંસ્થાને વાર્ષિક 2 કરોડ 88 લાખનો ફાયદો થઇ રહ્યો છે. આ રીતે ઉબખલ ખાતે પણ, વર્ષ 2020-21 માં કોન્ટ્રાક્ટરને પ્રતિ એક મેટ્રીક ટન દાણ ઉત્પાદનના 255 રુપિયા ચૂકવવામાં આવતા હતા. જે વર્ષ 2025-26 માં ઘટીને 198 રુપિયા થવા પામ્યા છે. જેના લીધે ઉબખલ સાગરદાણ ફેક્ટરીમાં 70 લાખની બચત થવા પામી છે. આમ, જગુદણ અને ઉબખલ ખાતે મેનેજમેન્ટ દ્વારા લેવાયેલા પારદર્શક ખરીદીના ઉત્તમ નિર્ણયને પરિણામે સંસ્થાને કૂલ મળીને વાર્ષિક 3 કરોડ 58 લાખ ની બચત થવા પામી છે.

અગાઉ, જગુદણ ખાતે ગેસ દ્વારા બોઇલર ચલાવવામાં આવતું હતું. જેમાં પ્રતિ મેટ્રીક ટન ઉત્પાદન હેઠળ વર્ષ 2021-22 માં 170 રુપિયાનો ખર્ચ પડતો હતો. નવા મેનેજમેન્ટે બળતણમાં ફેરફાર કરી બોઇલરને બાયોમાસ ફ્યુઅલ માં પરિવર્તીત કરી દેવામાં આવતાં હાલમાં, પ્રતિ મેટ્રીક ટન તેમાં 70 થી 80 રુપિયાનો ખર્ચ આવી રહ્યો છે. આમ, એક સામાન્ય પણ જાગૃત આંખે લેવાયેલ આ એક માત્ર નિર્ણયથી પ્રતિ મેટ્રીક ટન ઉત્પાદને સંસ્થાને 100 થી 110 રુપિયાનો ફાયદો થવા પામતાં જગુદણ ખાતેના ઉત્પાદનમાં વર્ષ 2025-26 દરમ્યાન સંસ્થાને અંદાજિત 84 લાખનો ફાયદો થઇ રહ્યો છે. આવી જ રીતે ઉબખલ ખાતે એફ.ઓ. દ્વારા બોઇલર ચલાવવામાં આવતું હતું. જેમાં પ્રતિ મેટ્રીક ટને 160 રુપિયા ખર્ચ પડતો હતો. તેને બાયોમાસ ફ્યુઅલ માં પરિવર્તીત કરવામાં આવતાં આજે ઉબખલ ફેક્ટરીને પણ પ્રતિ મેટ્રીક ટન ઉત્પાદને રુપિયા 100 થી 110 નો ખર્ચ આવી રહ્યો છે. આમ, ઉબખલ સાગરદાણ ફેક્ટરીને પણ આ નિર્ણયથી પ્રતિ મેટ્રીક ટન ઉત્પાદન ઉપર રુપિયા 50 થી 60 નો ચોખ્ખો ફાયદો થઇ રહ્યો હોવાથી વર્ષ 2025-26 દરમ્યાન બળતણ પરિવર્તનના આ એક માત્ર નિર્ણયથી 61 લાખ જેટલો ફાયદો પહોંચવા પામ્યો છે. આમ, બોઇલરોના ચાલક બળ એવા ફ્યુઅલમાં સામાન્ય પરિવર્તનથી સંસ્થા અને સાગરદાણના ઉપભોક્તા એવા પશુપાલકોના અંદાજે 1 કરોડ 41 લાખ રુપિયા બચવા પામ્યા છે.

આ સિવાય, જગુદણ કેટલફીડ

## સજ્જનતાની સુવાસ

ફેક્ટરી ખાતે આવેલા કોટન વોશ ઓઈલ સ્ટોરેજ ખાતે પણ જાગૃત મેનેજમેન્ટે આવેલી તકનો ઉપયોગ કરી તા. 01-04-2024 થી તા. 31-01-2026 (22 મહિના) સુધીમાં ટાટા ઈન્ટરનેશનલને પ્રતિ ટન 130 રુપિયા લેખે ભાડે આપી સંસ્થાને 2 કરોડ અને 44 લાખની વધારાની આવક ઉભી કરી આપી છે.

મહેસાણા દૂધ સંઘ દ્વારા સંચાલિત જગુદણ અને ઉબખલ ખાતેની કેટલફીડ ફેક્ટરીઓ 2022 થી સરકારશ્રીના ધારાધોરણ મુજબ BIS કેટલફીડ ટાઈપ II (TWO) ના લાયસન્સ ધરાવે છે. જેના તમામ ધારાધોરણોનું અહીં અક્ષરે અક્ષર સહ પાલન કરવામાં આવી રહ્યું છે. પશુપાલકોને ગુણવત્તાયુક્ત અને પોષણથી ભરપૂર એવું પશુદાણ મળી રહે તે માટે વર્તમાન મેનેજમેન્ટ વચનબદ્ધ છે. અને, તેની જવાબદારીના ભાગરુપે લેબોરેટરીમાં અધતન NIR એનેલાઈઝર મશીન દ્વારા દર કલાકે સાગરદાણનું પરિક્ષણ કરવામાં આવે છે. આ સાથે, આધુનિક સાધનોથી સુસજ્જ લેબોરેટરીમાં પશુઆહારમાં વપરાતા તમામે તમામ કાચા માલોનું સંઘ દ્વારા નિયત કરેલા ધારાધોરણ મુજબ CCTV ની નજર હેઠળ પારદર્શક પધ્ધતિથી પરીક્ષણ કરવામાં આવે છે. અગાઉના સમયમાં ગુણવત્તાની બાબતે નિયમિતતાનો અભાવ રહેતો હતો. જ્યારે વર્તમાન મેનેજમેન્ટ ગુણવત્તા બાબતે કોઈપણ સમાધાન વિના નિયમિતતાથી કામ લઈ રહ્યું છે. NABL (National Accreditation Board for Testing and Celibrati on Laboratory) BIS એપ્રુવમાં દર મહિને સાગરદાણનું સેમ્પલ મોકલી તેની ચકાસણી કરાવવામાં આવે છે. અને BIS ના ધારાધોરણ મુજબ સાગરદાણની શુધ્ધ ક્વોલિટીને સુનિશ્ચિત કરાય છે. અહીં, BIS (Bureau of Indian Standard) ની સાથે સાથે NDDB (National Dairy Development Board) ની લેબોરેટરીમાં પણ આપણા પશુ આહારના નિષ્પક્ષ પરિક્ષણો કરવામાં આવે છે જેનાથી સાગરદાણ અને આપણા દ્વારા ઉત્પાદિત તમામ પશુઆહારો - આપણા પશુઓ માટે ગુણવત્તાયુક્ત તથા આરોગ્યપ્રદ બની રહે. સરકારશ્રીની મંજૂરી હોવા છતાં છેલ્લા ત્રણ વર્ષથી આપણી સાગરદાણ ફેક્ટરીઓમાં યુરિયા અને SRN જેવા બિન પ્રોટીન નાઈટ્રોજન ઘટકોનો ઉપયોગ કરવામાં આવતો નથી.



**જગુદણ સાગરદાણ ફેક્ટરી એ વર્ષ ૨૦૨૦-૨૧ ની સરખામણીએ પોતાના પશુઆહારના ઉત્પાદનમાં ૪૦.૫૧% ના વધારો નોંધાવ્યો છે.**

**ઉબખલ સાગરદાણ ફેક્ટરીએ વર્ષ ૨૦૨૦-૨૧ ની સરખામણીએ પોતાના પશુઆહારના ઉત્પાદનમાં ૨૪% નો વધારો નોંધાવ્યો છે.**

દૂધસાગર ડેરી સાથે જોડાયેલા પશુપાલકોને બહાર બજારમાં ના જવું પડે તે માટે વર્ષ 2021 થી મકાઈ ભરડો અને સાગર સુપ્રિમ ફેટનું ઉત્પાદન અને વેચાણ શરુ કરવામાં આવેલ છે. હવે આપણા જગુદણ પ્લાન્ટમાં- આગામી ટૂંક સમયમાં મિલ્ક રીપ્લેસર (પશુ બચ્ચાઓ માટેનો વ્હે પ્રોટીન અને સોયા પ્રોટીન મિશ્રીત વિશેષ ખોરાક) શરુ કરવા જઈ રહા છીએ. જેનાથી પણ સંસ્થાને અને પશુપાલકોના પશુધનને વિશેષ લાભ પ્રાપ્ત થશે.

દૂધસાગર ડેરીના મેનેજમેન્ટની જાગૃતિ - પશુપાલકોને વધુ સરળતાથી ઉત્તમ ઉત્પાદનો અને સેવાઓ આપવાની લાગણી અને પોતાના કર્મચારીઓ પ્રત્યે રાખવામાં આવેલ વિશ્વાસ સભર વાતાવરણની તંદુરસ્ત અસર આજે ઉબખલ અને જગુદણના પ્લાન્ટોમાં જોવા મળી રહી છે. દર વર્ષે નવા આયામોને સ્થાપિત કરવાની કટીબદ્ધતા અને પ્રતિબદ્ધતા ધરાવતી આ બંને ફેક્ટરીઓની ટીમો આપણને સૌને ગૌરવ અપાવી રહી છે. 2021 માં જગુદણ ખાતેથી વેચાણ પ્રતિ માસ 10230 મેટ્રીક ટન થતું હતું. જે આજે 2025-26 માં પ્રતિ માસ 14291 મેટ્રીક ટને પહોંચ્યું છે. આમ, પાંચ વર્ષમાં જગુદણ કેટલફીડે પોતાના વેચાણમાં 39.69% નો રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યો છે. તો ઉબખલ ખાતે અગાઉ વેચાણ પ્રતિ માસ 8721 મેટ્રીક ટન હતું જે 2025 માં પ્રતિ માસ 10635 નોંધાવા પામ્યું છે. જે 23% નો ઉછાળો દર્શાવે છે. છેલ્લા પંદર વર્ષની સરખામણીએ આપણા આ બંને કેટલ ફેક્ટરીઓ સૌથી વધુ વેચાણ કરી પોતાના ઉત્તમ સમયને સૂવર્ણ અક્ષરે લખી રહી છે. દૂધસાગર પત્રિકાની આ મૂલાકાત દરમ્યાન અમને બંને પ્લાન્ટો ઉપર રહેલી સ્વચ્છતા અને પડતર જમીન ઉપર પ્રાકૃતિક શાકભાજી ના વાવેતર કરી - પોતાના જ સાથીદારો સાથે ઉત્તમ ખોરાક આરોગવાની અદા અને સદા ખૂબ ગમ્યા. બંને ફેક્ટરીઓ ઉપર કર્મચારીઓ વચ્ચે જોવા મળતી પારિવારીક ભાવના અને દૂધ સાગર પ્રત્યેની નિષ્ઠા અને વફાદારી દર્શનીય હતા. અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ બદલાયેલા નિયામક મંડળ ની કર્મચારીઓમાં વિશ્વાસ મૂકવાની ભાવનાથી વાતાવરણમાં જુસ્સો અને જોમ, ઉત્સાહ અને આનંદનું અનેરા વાતાવરણનું નિર્માણ થતું સ્પષ્ટ જોવા મળતું હતું. કદાચ, આજે એટલે જ જગુદણ-ઉબખલ ખાતે કામ કરતા તમામ વિભાગના કર્મચારીઓ દરેક વિભાગના એક કર્મચારીને લઈ ત્રિમાસીક ધોરણે એક કમિટી બનાવે છે જે દર મહિને ફેક્ટરીને તંદુરસ્ત બનવા શું જોઈએ છે ? એનું તંદુરસ્ત અને પ્રાર્થનામય મનોમંથન કરે છે !! મેનેજમેન્ટ દ્વારા દિશા સૂચન - કર્મચારીઓનું ટીમ વર્ક - સંસ્થા પ્રત્યેનો પ્રેમ અને લગાવ તથા સંસ્થાના પ્રાણદાતા એવા પશુ પાલકો અને તેમના પશુધનની કાળજી લેવાની સંવેદના આ બધુ મળીને જે સરવાળો થાય તેનું નામ આપણી જગુદણ અને ઉબખલ કેટલફીડ ફેક્ટરીઓ !!

**દૂધસાગરની સાથે સાથે ...**

# દિલ્હીના દરવાજે દૂધસાગર

## ઈન્ડિયન ડેરી ફેડરેશન દ્વારા આયોજીત ડેરી ઉદ્યોગ કોન્ફરન્સમાં ભાગ લીધો





**12 13 14** ફેબ્રુઆરી - 2026 ના રોજ નવી દિલ્હી ખાતે INDIAN DAIRY FEDERATION (IDF) દ્વારા યોજાયેલ DAIRY INDUSTRY CONFERENCE & EXHIBITION માં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) ના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરી અને નિયામક મંડળના તમામ સદસ્યોએ પ્રતિનિધીત્વ નિભાવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર દેશના ડેરી ઉધોગને તથા પશુપાલન વધુ વૈજ્ઞાનિક અભિગમ સાથે આગળ વધારવા માટે જ્ઞાન - વિજ્ઞાનની આપ - લે સાથે પશુપાલનના વ્યવસાયમાં વધુમાં વધુ યુવાનો જોડાય તે મુખ્ય થીમ આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દરમ્યાન, અમૂલ અને દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરીએ કેન્દ્રિય ફુડ પ્રોસેસિંગ મંત્રી શ્રી ચિરાગજી પાસવાન તથા કેન્દ્રિય પશુપાલન અને ડેરી મંત્રીશ્રી એસ. પી. સિંગ બઘેલ સાથે મુલાકાત કરીને ભારતના સહકારી ડેરી ઉદ્યોગની ભવિષ્યની યોજનાઓ અને સરકારના - સહકારથી નવી વિકાસની કેડી કંડારવાની સકારાત્મક ચર્ચાઓ કરી હતી. આ ગૌરવ સભર મંચ ઉપર દેશની સહકારીતા સાથે સંકળાયેલી તમામ ડેરીઓના પ્રતિનિધીઓ સાથે અમૂલ ફેડરેશનના અને દૂધસાગર ડેરીના નિયામક મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

**આ તબક્કે આ મંચ ઉપર ; અશોકભાઇ ચૌધરીએ અમેરિકા સાથે થયેલ ટ્રેડ ડીલ અનુસંધાને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના દૂધક્ષેત્રને સલામત રાખ્યું તે બદલ સમગ્ર અમૂલના 36 લાખ પશુપાલકો વતી પોતાનો આભાર વ્યક્ત કર્યો હતો.**

# છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી શ્રી. વિજયજી શર્મા અને સહકાર મંત્રીશ્રી. કેદારનાથજી કશ્યપ દૂધસાગરના મહેમાન બન્યા

**શોર્ટેડ સેક્સ સિમેન ડોઝ** ઉત્પાદન ક્ષેત્રે દૂધસાગર ડેરી દેશની પ્રથમ સહકારી ડેરી તરીકે આગવી ઓળખ ધરાવે છે. ત્યારે, તાજેતરમાં જગુદણ સ્થિત પશુસંવર્ધન કેન્દ્ર અને આધુનિક શોર્ટેડ સેક્સ સિમેન ડોઝ ઉત્પાદન કેન્દ્રની છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રીશ્રી. વિજયજી શર્મા તથા ત્યાંના સહકાર મંત્રીશ્રી. કેદારનાથજી કશ્યપે એક અભ્યાસ મુલાકાત લીધી લઇ સેક્સ સિમેન ડોઝ અને પશુ સંવર્ધન અંગે વિગતવાર જાણકારી મેળવી હતી.

છત્તીસગઢ સરકારના આ બે મહત્વના અને માનવંતા મહેમાનો ને ઉત્સાહ પૂર્વક આવકાર આપી દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરીએ સંસ્થાના ઉચ્ચ અધિકારીઓને સાથે રાખી સમગ્ર કેમ્પસ અને તેમાં થતા વૈજ્ઞાનિક સંશોધનોથી તેમને વાકેફ કરી સંપૂર્ણ સંતોષસભર જાણકારી પૂરી પાડી હતી.










અત્રે ઉલ્લેખનીય છે કે ; શોર્ટેડ સેક્સ સિમેન ડોઝ દ્વારા બીજદાન કરવાથી માદા પશુઓ - ગાય કે ભેંસને પાડી-વાછરડી આવવાની 90% સંભાવના વધી જાય છે. જેના પરિણામે માદા પશુઓનો વધારો થવાથી સમૃદ્ધ પશુપાલન તરફ આગળ વધવાનો અવકાશ પ્રાપ્ત કરી આ ઉદ્યોગ ને દૂધ ઉત્પાદનમાં સમૃદ્ધ કરવાની દિશામાં આગળ વધારી શકાય છે. અને, દેશના તમામ રાજ્યોના પશુપાલકો આ વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરતા થાય તે માટે છત્તીસગઢના ઉપ મુખ્યમંત્રીશ્રી અને સહકાર મંત્રીશ્રીની આ મુલાકાત મહત્વની માનવામાં આવે છે. નોંધનીય છે કે ; દૂધસાગર ડેરી દ્વારા તૈયાર કરવામાં આવતા સેક્સ સિમેન ડોઝ વર્તમાન કાળે અમૂલના સહયોગથી સમગ્ર ગુજરાતના પશુપાલકોને વ્યાજબી ભાવે આપવામાં આવી રહ્યા છે.

આ મુલાકાત દરમ્યાન મહેસાણા જિલ્લાના ભાજપ પ્રમુખશ્રી ગિરીશભાઇ રાજગોર, સાંસદશ્રી. મયંકભાઇ નાયક, સાંસદ શ્રી હરીભાઇ પટેલ, ધારાસભ્યશ્રી મુકેશભાઇ પટેલ તથા શ્રી સરદારભાઇ ચૌધરી તથા પૂર્વ ધારાસભ્યશ્રી અને દૂધસાગર ડેરીના વર્તમાન નિયામક મંડળના સભ્યશ્રી અમિતભાઇ ચૌધરી સહિત ડેરીના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમૂલ મંથન



Amul AI

**દેશના સહકાર ક્ષેત્રને
વધુ સમૃદ્ધ
વધુ વૈજ્ઞાનિક
વધુ સુખી
વધુ સંપન્ન
બનાવવાનો
સતત
પ્રયાસ**



### મળેલી જબાવદારી પ્રત્યે સંપૂર્ણ સમર્પણ

લોખંડી રાજપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સ્વ. ત્રિભોવનભાઈ પટેલની દીર્ઘદ્રષ્ટિથી અને ભારત રત્ન ડૉ. વર્ગીસ કુરિયનના સંપૂર્ણ સમર્પણથી ભારતની દૂધ ક્રાંતિને વિશ્વના ફલક ઉપર સ્થાપિત કરનાર અમૂલ હવે - દૂધક્રાંતિથી ડિજીટલ ક્રાંતિ તરફ પોતાની મજબૂત ઓળખ પ્રસ્થાપિત કરવા જઈ રહ્યું છે. આજે વિશ્વ આખામાં આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સ (AI) પોતાના અસ્તિત્વને સાબિત કરી રહ્યું છે ત્યારે અમૂલ પણ AI ના આ યુગમાં સમગ્ર ગુજરાતમાં પથરાયેલા તેના લાખો લાખો પશુપાલક ભાઈ બહેનોને AI ના માધ્યમથી વ્યક્તિગત માર્ગદર્શન આપીને તેમના પશુઓની આજની સ્થિતી, તેમના મેડિકલ રિપોર્ટ, ઋતુ પ્રમાણેના ખોરાક તથા એ બધુંજ - જે એક પશુપાલકના મનમાં ઉઠતા તમામ સવાલોના જવાબ આપી શકે તેવા મજબૂત પ્લેટફ્રોર્મ સાથે અમૂલ AI ના નામે અસ્તિત્વમાં આવ્યું છે.

તાજેતરમાં આણંદ ખાતે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે શરુ થયેલ આ વૈજ્ઞાનિક માધ્યમના શુભારંભ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, સહકાર મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, મંત્રીશ્રી રમણભાઈ સોલંકી, શ્રી કમલેશભાઈ પટેલ, અમૂલ અને દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી, અમૂલના વાઈસ ચેરમેનશ્રી ગોરધનભાઈ ધામેલીયા, અમૂલના એમ.ડી શ્રી જયેનભાઈ મહેતા સહિત વિવિધ દૂધસંઘોના ચેરમેનશ્રીઓ, અમૂલના અધિકારીઓ તેમજ ખૂબ મોટી સંખ્યામાં સમગ્ર ગુજરાતમાંથી દૂધ ઉત્પાદકો ઉપસ્થિત રહ્યા હતા.

ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્રમાં જ્યારથી નવિન સહકારીતા મંત્રાલયની સ્થાપના કરવામાં આવી અને તેની પ્રથમ જવાબદારી આપણા ગુજરાતના પનોતા પુત્ર અને સહકારી ક્ષેત્રના અનુભવી જ્ઞાતા એવા શ્રી અમિતભાઈ શાહને સોંપવામાં આવી ત્યારથી લઈને આજ સુધી તેઓએ ગુજરાતના સહકારી મોડલને સમગ્ર દેશ સ્વિકારતો થાય તે માટેનો નખશિખ પરિશ્રમ યજ્ઞ આદર્યો છે.

ગુજરાતના સહકારી મોડેલમાં રહેલી પરસ્પર સાથે મળીને કામ કરવાની ભાવના તથા સહકારી પ્રવૃત્તિનો લાભ છેવાડાના માણસને મળી શકે તેવી સુગંધ સમગ્ર દેશમાં ફેલાય તે માટે ભારતના તમામ રાજ્યોના સહકારી આગેવાનો અને રાજ્યોના સહકારી મંત્રીઓ ભેગા મળી મનોમંથન કરે તેવા શુભ આશયથી આપણા દેશના ગૃહ તથા સહકારી મંત્રી શ્રી અમિતભાઈ શાહ સહકારના અવનવા કાર્યક્રમો થકી ઉત્સાહ સભર વાતાવરણનું નિર્માણ કરી રહ્યા છે.

તાજેતરમાં ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા ગુજરાતના આંગણે એક સમૃદ્ધ સહકાર 'મંથન બેઠક' અને એક્ઝિબીશન યોજાયું હતું. આ અવસરે મધ્યપ્રદેશના સહકાર મંત્રીશ્રી વિશ્વાસ સારંગજી, મહારાષ્ટ્રના મંત્રીશ્રી મોહનરાવ પાટીલજી તથા વિવિધ રાજ્યોના સહકાર મંત્રીશ્રીઓ, GSE બેંકના ચેરમેનશ્રી અજયભાઈ પટેલ અને અમૂલ તથા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ સહિત વિશાળ સંખ્યામાં સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# BHARAT TAXI CO-OPERATIVE

## સહકારથી સમૃદ્ધિ : પરિવહન ક્ષેત્રે નવું સોપાન

## ભારત ટેક્સી નો ભવ્ય શુભારંભ








ભારત હંમેશા સહકારી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યું છે. દૂધ અને ખેતી બાદ હવે પરિવહન (T r a n s p o r t ) ક્ષેત્રે સહકારીતાના બીજ રોપાયા છે. તાજેતરમાં કેન્દ્રના ગૃહ તથા સહકારીતા મંત્રી શ્રી. અમિતભાઈ શાહના વરદ હસ્તે "ભારત ટેક્સી સેવા" નો શુભારંભ થવાની સાથે જ ગરીબ અને મધ્યમ વર્ગમાંથી આવતા અનેક યુવાનો, યુવતીઓ, ટેક્સી ચાલકો અને મુસાફરો માટે એક નવા યુગની શરુઆત થવા પામી છે.

શ્રી અમિતભાઈ શાહ પોતાની કૂનેહ, દિર્ઘદ્રષ્ટી અને સ્વપ્નને ધરતી ઉપર જીવંત કરવાના કસ્બી છે. પોતાના આ સ્વપ્નને નવી દિલ્હી ખાતે જીવંત કરતાં આ ભવ્ય શુભારંભ પ્રસંગે દિપ પ્રાગટ્ય બાદ કેન્દ્રના સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે સારથી તરીકે જોડાયેલા ડ્રાઈવર મિત્રોને કીટ એનાયત કરી - પુષ્પગુચ્છથી તેમનું સ્વાગત કરી સહકારી ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતી વચ્ચે લીલી ઝંડી આપી ટેક્સીઓને રવાના કરવામાં આવી હતી.

"ભારત ટેક્સી" એ લોકશાહી ઢબે ચાલતી સહકારી સંસ્થા તરીકે કાર્યરત કરવામાં આવી છે. જ્યાં નફા કરતાં સેવાનો ઉદ્દેશ મુખ્ય છે. ખાનગી કંપનીઓની સરખામણીએ આ સહકારી પ્રવૃત્તિમાં જોડાયેલા ડ્રાઈવરો પાસેથી ઓછું કમિશન લેવામાં આવશે જેથી તેમની આર્થિક સ્થિતી સુધરશે. આ સેવા અંતર્ગત મુસાફરો પાસેથી વ્યાજબી ભાડું વસુલાશે જેમાં પારદર્શક ભાડું હશે અને કોઈ છુપા ચાર્જીસ કે "પીક અવર" ના નામે ઉઘાડી લૂંટ બંધ થશે. કિલોમીટર દીઠ નક્કી કરેલા ભાવ જ વસુલવામાં આવશે. તો, ગ્રાહકોની સુવિધા માટે અને કેશલેસ ઈકોનોમીને પ્રોત્સાહન આપવા માટે તમામ પ્રકારના UPI અને કાર્ડથી પેમેન્ટની સુવિધા કરી શકાશે. આ મોડેલની સૌથી મોટી વિશેષતા એ છે કે ; અહીં ડ્રાઈવરોને મજૂર નહીં પણ ભાગીદાર તરીકેની માન્યતા મળશે.

"ભારત ટેક્સી " સાથે જોડાયેલા તમામ ટેક્સી ડ્રાઈવરોને સોફ્ટ સ્કીલ અને મુસાફરો સાથેના વ્યવહાર માટે ખાસ તાલીમ આપવામાં આવશે. આ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા તમામ ટેક્સી ચાલકોને અકસ્માત અને સ્વાસ્થ્ય વીમો પૂરો પાડવામાં આવશે. તથા સહકારી મંડળી દ્વારા લાંબા ગાળે ડ્રાઈવરો માટે પેન્શન ફંડનું પણ આયોજન કરવામાં આવશે તેવી મજબૂત જોગવાઈઓ રાખવામાં આવી છે. "ભારત ટેક્સી" હેઠળ કામ કરનારી તમામ ટેક્સીઓને GPS થી સુસજ્જ કરવામાં આવશે અને મહિલા મુસાફરો માટે તેની એપમાં સેફ્ટી ફિચર્સ ની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

"ભારત ટેક્સી" ની કેન્દ્ર સરકાર દ્વારા શરુ થયેલ આ સહકારીતા પ્રવૃત્તિથી રોજગાર, સુરક્ષા અને પર્યાવરણની જાળવણી થાય તથા હાલ, ગુજરાતના મુખ્ય શહેરો બાદ તેનું દેશના અન્ય રાજયોમાં સહકારી માળખું ફેલાય તેવી યોજના સાથે આ સેવાનો લાભ અંતરીયાળ ગામડાઓના લોકોને મળે તે માટે પણ મજબૂત ફાઉન્ડેશન ઉભું કરવાની યોજના છે. તો આ સાથે, આગામી બે વર્ષમાં 5 0 % ટેક્સીઓને ઈલેક્ટ્રીક કારમાં રુપાંતરીત કરીને E V વ્હિકલ્સ સાથે પર્યાવરણની જાળવણી કરવામાં પણ વધુ મદદ મળી રહે તે લક્ષ રાખવામાં આવ્યું છે. મહિલા ડ્રાઈવર વિંગ તૈયાર કરી ભવિષ્યમાં મહિલા મુસાફરો માટે ખાસ મહિલા ડ્રાઈવરો સંચાલિત "પિંક ટેક્સી" સેવા સરુ કરવાનું આયોજન છે.

ભારતમાં હાલમાં કાર્યરત ખાનગી ધોરણે ચાલતી ટેક્સી સર્વિસમાં ડ્રાઈવરો પાસેથી 25% થી 30% સુધી કમિશન વસુલવામાં આવે છે. તો વરસાદ, ટ્રાફીક કે કોઈ કુદરતી કે માનવ સર્જિત આપત્તિ વખતે સર્જ પ્રાઈસ ના નામે ભાડાની રકમ ડબલ કરી દેવામાં આવે છે. તો ખાનગી કંપનીઓ દ્વારા આ સેવામાં ડ્રાઈવર અને મુસાફરની વીમા તથા સુરક્ષાની જવાબદારી મર્યાદીત હોય છે. આવી ખાનગી કંપનીઓનો નફો માત્ર કોર્પોરેટ કંપનીના હોદ્દેદારો લઈ જાય છે ત્યારે "ભારત ટેક્સી" માત્ર પરિવહનનું સાધન નહીં- પણ- સહકારી સિધ્ધાંતોનો વિજય છે. અહીં ડ્રાઈવર માલિક પણ છે તો મુસાફર પણ પરિવારનો એક સભ્ય છે.








# આ બજેટમાં પશુપાલકો અને ખેડૂતો ઉપર કેન્દ્ર અને ગુજરાત સરકાર બંને મહેરબાન

ભારત સરકારે વર્ષ 2026 ના બજેટમાં ગ્રામીણ અર્થતંત્રના કરોડરજ્જુ સમાન પશુપાલન અને ડેરી ઉધોગ ઉપર તથા ખેડૂતો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અર્થતંત્રના નિષ્ણાતો વર્તમાન બજેટને ખેડૂતોની આવક બમણી કરવા તરફનું એક મક્કમ ડગલું ગણાવ્યું છે.

આ વર્ષે પશુપાલન મંત્રાલયના બજેટમાં અંદાજે 21% થી 26% સુધીનો જંગી વધારો કરવામાં આવ્યો છે. કુલ 8915 કરોડ માંથી મોટો હિસ્સો પશુપાલન અને ડેરી વિકાસ માટે ફાળવાયો છે. પશુઆહાર ઉપર ટેક્સમાં રાહત આપવાથી પશુપાલકોનો ખર્ચ ઘટશે. તથા કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા 3 લાખથી વધારી 5 લાખ કરવામાં આવતાં ખેડૂતો અને પશુપાલકોને લોન મેળવવામાં મદદરુપ થશે. રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ સ્વદેશી ગાયોની ઓલાદ સુધારવા અને દૂધની ઉત્પાદકતા વધારવા માટે રુપિયા 800 કરોડની મોટી ફાળવણી કરવામાં આવી છે. પશુપાલન ક્ષેત્રે નવા વ્યવસાયો શરુ કરવા માટે રુ.500 કરોડની નવી યોજના જાહેર કરાઇ છે જેમાં લોન આધારિત સબસીડી આપવામાં આવશે. પશુઓમાં જોવા મળતા મોં - ખરવા અને ગળસૂંઢા જેવા રોગોના નાબૂદી માટે રસીકરણના બજેટમાં 60% નો વધારો કરી રુ. 2010 કરોડની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે તો, પશુઓની સારવાર માટે દેશમાં 20,000 નવા પશુ ચિકીત્સકોની નિમણુક કરવાની જાહેરાત કરવામાં આવી છે. તો, ખેડૂતોને સીધી માહિતી પુરી પાડવા માટે AI આધારિત "ભારત - વિસ્તાર" ટૂલ લોંચ કરવામાં આવ્યું છે જે ભારતની તમામ ભાષાઓમાં ખેતી, હવામાન અને બજાર માહિતી આપશે.

ગુજરાત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ વર્તમાન બજેટમાં પણ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે રેકોર્ડ બ્રેક બજેટ ફાળવવામાં આવ્યું છે જેમાં, 10,000 ફરતાં પશુ દવાખાના, સહકારી ડેરીઓ દ્વારા પશુપાલકોને આપવામાં આવતી દૂધના ભાવની સબસીડીમાં વધારો કરવામાં આવશે તે સાથે સોલાર પંપ સબસિડીમાં 80% સહાય, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન, ડ્રોન ટેક્નોલોજી અને નવા કોલ્ડ સ્ટોરેજ સહિત ખેતરોથી માર્કેટ યાર્ડ સુધીના પાકા રોડોની વ્યવસ્થા કરવાની જાહેરાત કરાઇ છે.

# એક ડોલ દૂધ



ગામડાં ગામના
કોઇ નેળીએ,
કાંટાળી વાડ વચ્ચે
ભૂરી ભેંસ કે,
ગૌરી ગાયને
કોઇ ગુણિયલ નાર
દોહે ત્યારે
આપણને મળે છે
એક ડોલ દૂધ !
ગામ વચાડે,
મંડળી નામના મકાનમાં ... ચાર - પાંચ લોકોને,
રોજગારી આપે છે - આ એક ડોલ દૂધ !
ટેન્કરના માલિક - ટેન્કરના ડ્રાઇવર,
ટેન્કરના ક્લિનર ... ના જાણે ?
કેટ કેટલાને સાચવે છે ... આ એક ડોલ દૂધ !!
જિલ્લામાં આવ્યો છે - એક મોટો સંઘ,
એમાં હજારો કર્મચારીઓના ...
પરિવારને રોટલો આપે છે - આ એક ડોલ દૂધ !!
ચેરમેન બનાવે, વાઇસ ચેરમેન બનાવે
અને, બોર્ડમાં અપાવે મોટી જગ્યા,
ગામડાની મંડળીમાં પ્રમુખ થઇ બેસાડે,
તો મંડળીના મંત્રી તરીકે અપાવે માન ...
આ એક ડોલ દૂધ !!
શહેરોના કબુતરના માળા જેવી,
ઈમારતોના મકાનમાં ... સૂર્યોદય પહેલાં
પોષણ પહોંચાડે છે - આ એક ડોલ દૂધ !!
મજૂરનો ચાહ બનીને ઉતારે છે થાક,
અને ... મર્સિડીઝ વાળા માટે બની જાય છે કોફી,
મધ્યાહન ભોજનમાં,
સંજીવની બનીને ...
ગરીબોના બાળકોને આપે છે તૃપ્તિ,
આ એક ડોલ દૂધ !!
દેશના અર્થતંત્રને તંદુરસ્તી આપે છે.
અને,
નેતાઓને આપે છે ...
ખુરશી બચાવી લેવાની શક્તિ,
આ એક ડોલ દૂધ !!

**(દૂધસાગર પત્રિકા)**